BUSINESS મિત્ર Plus

# હાલના સંજોગોમાં કડક સ્ટોપલોસ સાથે યોગ્ય રિસ્ક મેનેજમેન્ટ રાખીને કામકાજ કરો

**ચાર્ટ એડવાઈઝ**
■ રાજા વેંકટરામન

બજારની લાગણી બુલિશ સેન્ટિમેન્ટ અપટ્રેન્ડને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખે છે જો કે ભાવો હજુ પણ દુષ્ચક્રમાં અટવાયેલા છે. આમાં નફા વસૂલી એકમાત્ર વિકલ્પ છે. હાલનુ વાતાવરણ એ અસ્થિરતાને સ્વીકારવાનું અને કેટલાક લાભો મેળવવા માટે સોદાઓમા ભાગ લેવાનું ચાલુ રાખવાનું છે. અસ્થિર સત્ર પછી, બજાર શુક્રવારે હકારાત્મક નોંધ પર સમાપ્ત થયું, બેંકિંગ શેરોમાં પણ રિકવરી દેખાઇ.

મિડ- અને સ્મોલ-કેપ સૂચકાંકોમાં સૌથી વધુ ઉછાળો આવ્યો. હવે આવતા અઠવાડિયે યુએસ, યુકે અને ભારતીય ફુગાવાના ડેટા જાહેર થાય તે પહેલા બજારમાં સાવધાની પ્રવર્તે છે. સાથે દર્શાવેલ ઇન્ટ્રાડે ચાર્ટ્સ પરથી આપણે નોંધી શકીએ છીએ કે 21700 ની આસપાસનો ઝોન થોડા સમય માટે હવે સપોર્ટ તરીકે કામ કરી રહ્યો છે. આવર્લી ચાર્ટ પર તે પ્રદેશમાંથી મજબૂત રિવાઇવલ સૂચવે છે કે આ રિજયન હવે આ વર્ષમાં મજબૂત વધારા માટે નિર્ણાયક બની ગયો છે. અમેરિકામાં રોજગારીના મજબૂત આંકડાના પરિણામે બજારને ડર છે કે ફેડ દ્વારા દરમાં ઘટાડો કરવામાં વિલંબ થશે જે વધુ કોન્સોલિડેશન તરફ દોરી જઇ શકે છે.

ડેઇલી ચાર્ટસ પર જતાં આપણે જોઇ શકીએ છીએ કે ગયા લાંબા વીક એન્ડ છતાં વોલ્યુમ્સ ઘણા ઊંચા છે અને ઘટાડાઓનો સારો એવો ઉપયોગ ખરીદી માટે કરવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઘટાડે ખરીદીની વ્યૂહરચના લાભ કરતી જણાય છે અને જ્યાં સુધી 21500 ની આસપાસના સ્તરનું ઉલ્લંઘન ન થાય ત્યાં સુધી તમારી પોઝિશનો જાળવી રાખવાનું વિચારી શકાય.

બિલ્ડ અપ નોંધપાત્ર રહ્યું છે અને અહીંથી રિવાઇવલ આ સપ્તાહે નિફ્ટીને 22300 સુધી લઇ જઈ શકે છે.

આવતા અઠવાડિયે આપણી પાસે IIP અને ફુગાવો આવી રહ્યો છે જેના આધારે પણ પ્રવાહો નક્કી થઈ શકે છે. ચાલુ નાણાકીય વર્ષનો અંત આવી રહ્યો છે ત્યારે આપણે એડવાન્સ ટેક્સ આંકડા જોઈ શકીએ છીએ જે કોર્પોરેટ્સ દ્વારા જાહેર કરવામાં આવશે જે આપણને તેમની ત્રિમાસિક કામગીરી વિશે કેટલોક સંકેત આપી શકે છે આનાથી કેટલાક શેર ઉછળી શકે છે જેનાથી આપણે રોકડી કરી શકીએ છીએ. સમગ્ર માર્કેટમાં બ્રેકઆઉટ પર અને ઘટાડે ખરીદીનું મિશ્રણ ચાલુ છે અને આ વ્યૂહરચના શેરો અને સૂચકાંકોમાં કામ કરતી હોય તેવું લાગે છે.

બજારની હાલની સ્થિતિમાં આપણે નફો બુક કરવામાં કેટલા ચપળ છીએ તે મહત્વની વાત છે. બજારના હાલના સંજોગોમાં અમારી સલાહ એ છે કે કડક સ્ટોપલોસ રાખીને યોગ્ય રિસ્ક મેનેજમેન્ટ સાથે બજારમાં મહત્તમ કામગીરી કરો.




## બેંક ઓફ બરોડા: સીએમપી ૨૬૩.૫૦




આ શેરમાં વોલ્યુમ્સ બંધાઇ રહ્યા છે અને વોલેટાલિટી છતાં કિંમતો ઘટી શકી નથી. આમાં કેટલુક સ્ટેડી એકશન ઉભરી રહ્યું છે કારણ કે ઘટાડાઓ પર વેલ્યુ બાયરો ખરીદીનો રસ બતાવી રહ્યા છે. આમાં ૨૭૫ સુધીના વધારા માટે ૨૫૩ નીચે સ્ટોપ રાખીને ૨૬૫ ઉપર અને ૨૫૭ સુધીના ઘટાડે ખરીદી કરવાનું વિચારી શકાય.

## એસએચ કેલકર: સીએમપી ૨૦૭.૭૦




છેલ્લા બે મહિનામાં દેખાયેલ રાઉન્ડિંગ પ્ટર્ન ફોર્મેશને આ શેરમાં કેટલીક ખરીદી જન્માવી છે. આ શેરમાં બુલીશ સેટઅપ અનડિસ્ટર્બ્ડ રહ્યો છે. સપોર્ટ્સ પરથી રિવાઇવલ આ શેર ઉપર તરફ આગળ વધવાનો સંકેત બતાવે છે. જ્યાં સુધી ૧૭૦ની આસપાસ ટેકા જળવાઇ રહે ત્યાં સુધી આ શેરમાં આ ગતિ ચાલુ રહી શકે છે. ૨૨૫ સુધીના વધારા માટે ૧૯૦ નીચે સ્ટોપ રાખીને ૨૦૮ ઉપર અને ૧૯૮ નજીક ઘટાડે લોંગ પોઝિશનો શરૂ કરવાનું વિચારો.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્કલેમર:** આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજાગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

**શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઈ-મેઈલ કરો અમને chartadvise@gujaratmitra.in પર**

# ભાવવધારા સામેના જોખમ ન વિખેરાય ત્યાં સુધી RBI વ્યાજ દરમાં વધારાનું જોખમ નહીં લે

**અર્થકારણ-રાજકારણ**
જીતેન્દ્ર સંઘવી



ગયે અઠવાડિયે રિઝર્વ બેંકે ફીસ્કલ ૨૪ની છેલ્લી મોનેટરી પોલિસીમાં સતત છઠ્ઠી વાર વ્યાજના દર જાળવી રાખ્યા છે. ફીસ્કલ ૨૫ ના વચગાળાના અંદાજપત્રમાં નાણાપ્રધાને મૂડીરોકાણ વધાર્યા પછી પણ ફીસ્કલ ડેફિસિટનો ઘટાડો જાળવી રાખ્યો.સરકાર દ્વારા કરાતા બોરોઈંગનો અંદાજ પણ ઓછો મૂક્યો એટલે ખાનગી ક્ષેત્રના મૂડીરોકાણ માટે નાણાની છૂટ થવાથી વ્યાજના દર ઘટવાની સંભાવના વધી (રિઝર્વ બેંક વ્યાજના દર ન ઘટાડે તો પણ) છે. ભાવવધારો ધીમો પડ્યો હોવા છતા હજી તે રિઝર્વ બેંકના ચાર ટકાના લક્ષ્યાંકની ઉપર છે જ્યારે વિકાસના દર (છેલ્લા ત્રણ વરસમાં સાત ટકાથી ઉપર) બાબતે ભારતની સ્થિતિ મજબૂત છે. એટલે પણ રિઝર્વ બેંકને પોલિસી રેટ્સ ઘટાડવાની ઉતાવળ ન હોય તે સ્વાભાવિક છે. ફેડના અધ્યક્ષ પોવેલે પણ સ્પષ્ટતા કરી છે કે અમેરિકાનું અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે. એટલે ભાવવધારો અંકુશમાં છે એવો પૂરો વિશ્વાસ ન આવે ત્યાં સુધી ફેડરલ રિઝર્વ વ્યાજદરના ઘટાડાની શરૂઆત બાબતે ખૂબ ધ્યાનથી વિચારણા કરશે. આ કારણસર પણ રિઝર્વ બેંકે વ્યાજદરના ઘટાડા બાબતે ઉતાવળુ પગલું ન લીધું હોય તેમ બને.

**રાજકારણ ગરમ થતું જાય છે: વિપક્ષોનો મોરચો નબળો પડતો જાય છે**

લોકસભામાં તેમની બીજી ટર્મના છેલ્લા ભાષણમાં વડાપ્રધાને બીજેપીની આગેવાનીમાં એનડીએની ભારે બહુમતિએ (બીજેપીને ૩૭૦થી વધુ અને એનડીએને ૪૦૦થી વધુ બેઠકો) જીત બાબતે વિશ્વાસ દર્શાવ્યો છે. તેમણે પોતાની ટર્મની દસ વરસની સિદ્ધિઓનુ રિપોર્ટ કાર્ડ પણ રજૂ કર્યુ. રાજકારણમાં ગરમાટો આવતો જાય છે. નીતિશકુમારે ફરી એકવાર બીજેપીમાં જોડાઈને પાટલી બદલવામાં પોતે માહિર છે એમ સાબિત કર્યું છે. સાત દાયકાથી રાજકારણ સાથે સક્રિય રીતે સંકળાયેલા અઠંગ રાજકારણી શરદ પવાર માટે ચૂંટણી પંચનો અજિત પવારની તરફેણનો ચૂકાદો મોટા આંચકા જેવો છે. એનસીપી અને શિવસેનાના આંતરિક બળવાથી બંને પક્ષો વધુ નબળા પડ્યા છે. કોંગ્રેસ પક્ષ તો પરિવારવાદના રાજકારણને કારણે વરસોથી દિશાવિહિન છે. આપ (અરવિંદ કેજરીવાલ) અને ટીએમસી (મમતા બેનરજી)ને પોતપોતાની મહત્વકાંક્ષાઓ અને પર્સનલ એજન્ડા છે આમ દિવસે દિવસે બીજેપી/એનડીએ માટે લોકસભાની ચૂંટણીઓમાં વધુ ને વધુ બહુમતિ મેળવવાનું આસાન બનતું જાય છે. ઝારખંડમાં મુખ્યમંત્રી બદલાયા છે. ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) બીલ વિધાનસભામાં પસાર કરાયું છે. જેને કારણે ત્યાં તમામ ધર્મના લોકો માટે સંપત્તિ, જમીન, લગ્ન, નિકાહ અને છૂટાછેડા બાબતે એક સમાન કાયદો બનશે. લોકસભાની ચૂંટણીઓ પછી બીજેપીના શાસનવાળા ઘણા રાજ્યો યુસીસી કાયદો બને તે માટેની હિલચાલ શરૂ કરશે.

> **વચગાળાના અંદાજપત્રએ પણ મૂડીખર્ચનો વધારો સતત ચોથા વરસે ચાલુ રાખીને આર્થિક વિકાસના દરને પુશ કરવાનો સરકારનો નિર્ધાર દર્શાવ્યો છે. રાજ્યોને તેમને અપાનાર વગર વ્યાજની લોનો દ્વારા મૂડીખર્ચ વધારવા માટે લોનની અમુક રકમ પ્રોત્સાહનરૂપે તેમના પર્ફોર્મન્સ મુજબ મંજૂર કરવાની શરત પણ મૂકી છે**

**સ્ટોક માર્કેટનો અંડરકરન્ટ તેજીનો: સાવધાની રાખવી જરૂરી**

મૂડીરોકાણને અને તે દ્વારા આર્થિક વિકાસને અગ્રક્રમ આપતા વચગાળાના અંદાજપત્રની રજૂઆત પછી સ્ટોક માર્કેટમાં ટોન (અંડરકરન્ટ) તેજીનો છે. પરિણામે જાહેરક્ષેત્રની કંપનીઓ અને બેંકોના શેરો સતત વધવા તરફી છે. ૩૦ લાખ કરોડ રૂપિયાના માર્કેટ કેપીટલાઈઝેશન સાથે ટાટા ગ્રુપ (૨૪ કંપનીઓ) આ સિદ્ધિ મેળવનાર દેશનું પ્રથમ બીઝનેસ હાઉસ બન્યું છે. વિદેશી પોર્ટફોલિઓ મૂડીરોકાણકારો ફરી એકવાર ભારતના બજાર ભણી વળ્યા છે. સતત ઘટી રહેલ ચીનના સ્ટોક માર્કેટને કારણે ત્યાંથી પાછા ખેંચાઈ રહેલ મૂડીરોકાણનો લાભ પણ ભારતને મળે છે. પરિણામે ગયે મહિને ૪.૩ લાખ કરોડ ડોલરના માર્કેટ કેપીટલાઈઝેશન સાથે ભારત હોંગકોંગને પાછળ રાખી વિશ્વનું ચોથા નંબરનું બજાર (અમેરિકા, ચીન અને જપાન પછી) બન્યું હતું. ફીસ્કલ ૨૫માં કંપનીઓ આઈપીઓ દ્વારા ૭૨૦૦૦ કરોડ રૂપિયાનું ફંડ ઉભું કરે તેવી ધારણા છે. એટલે હાઉસહોલ્ડ બચતનો અમુક ભાગ કંપનીઓના મૂડીરોકાણ માટે વપરાશે જે ખાનગી મૂડીરોકાણને પ્રમોટ કરશે.

**આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજીમા ભારત વિશ્વની બરાબરી કરે છે**

રિઝર્વ બેંકે શા માટે પોલિસીના દર જાળવી રાખ્યા અને વચગાળાના અંદાજપત્રે રાજ્યોને મૂડીરોકાણ કરવાનું પ્રોત્સાહન મળે તે માટે શા પગલા લીધા એની વિગતમાં ઉતરીએ તે પહેલા આર્ટિફિસિઅલ ઈન્ટેલીજન્સ (એઆઇ) ટેકનોલોજીના વધતા જતા ઉપયોગ વિશે અને ભારતમાં આપણે તેના ઉપયોગના કયા તબક્કે છીએ તેની એક બે વાત કરવી રહી. આ ટેકનોલોજીના વિકાસ અને ઉપયોગ વિષે ભારત વિશ્વની સરખામણીએ કેટલું આગળ વધ્યું છે. એ વિશે માઈક્રોસોફ્ટના ચીફ એક્ઝિક્યુટિવ સત્ય નડેલાનો શું અભિપાય છે તે તેમના જ શબ્દોમાં:"અગાઉની ચાર ટેકનોલોજી-- પર્સનલ કોમ્પ્યૂટર, ઈન્ટરનેટ, મોબાઈલ ડિવાઈસીસ અને કલાઉડ કોમ્પ્યુટીંગ --ના વિકાસ અને ઉપયોગ બાબતે ભારત ભલે મોડું સાવધાન થયું હોય, એ આઇના વિકાસ અને ઉપયોગ બાબતે તેમ કહી શકાય તેમ નથી. આ ટેકનોલોજીના વિકાસ બાબતે ભારતે વિશ્વ સાથે બરાબર કદમ મિલાવ્યા છે. એટલે કે વિશ્વમાં આ ટેકનોલોજીના વિકાસ અને ભારતમાં તેના વિકાસમાં જરાપણ ગેપ નથી. ભારત માત્ર એ આઇની વાત જ નથી કરતું પણ તેનો અમલ કરે છે. ૨૦૨૫-૨૬ સુધીમાં એઆઇ ભારતના જીડીપીમાં ૫૦૦ મિલિયન ડોલરનો ઉમેરો કરશે. ભારતની પીઠ થાબડનારા આ શબ્દો કર્ણપિય છે. પણ લેબર-સરપ્લસ ભારત જેવા દેશે તેનું આંધળું અનુકરણ નહીં કરતા સાવચેતી પૂર્વક આગળ વધવું પડશે. એઆઈના દુરુપયોગ દ્વારા મોટું નુકસાન પણ થઈ શકે. હોંગકોંગની એમએનસી સાથે થયેલ છેતરપિંડી આપણે માટે ચેતવણી જેવી છે.

લાંબા ગાળામા ભાવો ચાર ટકાના દરે સ્થિર થાય પછી જ રિઝર્વ બેંક વ્યાજના દર ઘટાડવાનું વિચારશે

રિઝર્વ બેંકે પોલિસીના દર જાળવી રાખ્યા છે. એટલું જ નહીં, બેંકે એક તરફ ભાવવધારો ચોક્કસપણે લક્ષ્ય (ચાર ટકા) પ્રમાણે ઘટ્યો છે એવી ખાત્રી ન થાય ત્યાં સુધી બેંક વ્યાજના દર ઘટાડવાની શરૂઆત નહીં જ કરે એવી મક્કમતા દર્શાવી છે. તો બીજી તરફ તેના વીડ્રોઅલ ઓફ એકોમોડેશનના અભિગમને પણ જાળવી રાખ્યો છે. એટલે કે જરૂર પડ્યે આર્થિક વિકાસનો દર વધારવા માટે રિઝર્વ બેંક સીસ્ટમમાં નાણાનો પૂરવઠો વધારવામાં જરા પણ ખચકાશે નહીં એવો ભરોસો પણ આપ્યો છે. ભાવવધારા સામેના બધા જોખમો વિખરાઇ ન જાય ત્યાં સુધી બેંક પોલિસી રેટ ઘટાડવાની શરૂઆત તો નહીં જ કરે. એનો અર્થ એ નહીં કે આર્થિક વિકાસ બાબતે તે જરા પણ ચિંતિત નથી. ટૂંકમાં રિઝર્વ બેંકનો જરૂર મુજબ ગિઅર બદલવાનું ખુલ્લુ રાખતો આ અભિગમ ભાવવધારા અને આર્થિક વિકાસ વચ્ચે સરસ સમતોલન કરે તેવો છે. ફીસ્કલ ૨૪ના પ્રથમ નવ મહિના (એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૩) દરમ્યાન છુટક ભાવવધારાનો દર ઘટ્યો છે. (૬.૭ ટકામાથી ૫.૫ ટકા) .ફીસ્કલ ૨૫ના બીજા ક્વૉર્ટર (જુલાઈ-સ્પેમ્બર ૨૦૨૪)માં તે રિઝર્વ બેંકના ચાર ટકાના લક્ષ્યાંક સુધી ઘટે તેવી મોટી સંભાવના છે. તે પછીના બે ક્વૉટરમાં તે વધીને ૪.૬ ટકા અને ૪.૭ ટકાએ પહોંચે તેવું બેંકનું અનુમાન છે. 'અમારૂ કામ હજી પૂરું થયું નથી. સપ્લાય સાઇડના નવા આંચકાઓ / જોખમો ( જે ભાવવધારાના ક્ષેત્રે અત્યાર સુધી મેળવેલ સફળતાને ધોઇ પણ નાંખે) બાબતે સજાગ રહેવું પડે,' એવું ગવર્નર ડો. દાસનું નિવેદન બેંકના સમતોલ અભિગમને સ્પષ્ટ કરે છે. એકવાર ઘટીને છૂટક ભાવવધારો રિઝર્વ બેંકના લક્ષ્યાંક (ચાર ટકા) જેટલો થાય તેટલા માત્રથી રિઝર્વ બેંક પોતાનું કામ પૂરું થયાનો સંતોષ નહીં માને. રિઝર્વ બેંક ચોક્કસપણે માને છે કે છૂટક ભાવવધારો ચાર ટકાના સ્તરે લાંબા સમય માટે ટકવો જોઇએ; તેને કારણે રૂપિયાની બાહ્ય કિંમત પર કોઇ જોખમ ઉભું થવું ન જોઈએ. અને તો જ આર્થિક વિકાસનો દર પણ લાંબા ગાળાનો અને ટકાઉ બને.

**ભાવવધારા સામે ખાદ્યપદાર્થોના ભાવવધારાનુ જોખમ ઉભું જ છે**

ખાદ્ય પદાર્થાના ભાવોમાં જે વધુ પડતી અસ્થિરતા જોવા મળે છે તેને કારણે છૂટક ભાવવધારો લાંબા સમય માટે મર્યાદિત રહે તેવો અહેસાસ હજી થતો નથી. સરકારના ખાદ્ય પદાર્થોના ભાવો સ્થિર રાખવાના પ્રયત્નો પછી આ ભાવો ભવિષ્યમાં પણ અમુક હદમાં જ રહે તે માટે ચાલુ વરસનું સાઉથ-- વેસ્ટ મોન્સુન નોર્મલ રહેવાની જરૂરિયાત પર ભાર મૂકવાની ભાગ્યે જ જરૂર ગણાય. એકવાર ચોમાસુ નોર્મલ રહે તો પણ આપણા ક્રૂડ ઓઈલની જરૂરિયાત માટે આયાતો પરના આપણા અવલંબનને કારણે વિશ્વમાં વધી રહેલ જીઓ-પોલિટિકલ તણાવોના જોખમની પણ અવગણના કરી શકાય તેમ નથી. દેખીતી રીતે સળંગ છ વાર વ્યાજના દર વધાર્યા પછી અને ભાવો ઘટાડા તરફી હોવા છતા રિઝર્વ બેંકે 'ન્યુટ્રલ'અભિગમ અપનાવવાનું ઉચિત માન્યું નથી. ન્યુટ્રલ અભિગમ એટલે બેંકની પોલિસી દર વધારવાની કે ઘટાડવાની એક પણ કમિટમેન્ટ નહીં : રિઝર્વ બેંક તે ઘટાડી પણ શકે કે વધારી પણશકે. ન્યુટ્રલ અભિગમ નહીં અપનાવીને બેંકે હાલ તે પોલિસી રેટના ફેરફાર માટે (ઘટાડા માટે પણ) તૈયાર નથી તેવો સંકેત આપ્યો છે. એટલે પોલિસી રેટના ફેરફાર સિવાય બેંક લિકિવડીટી (રોકડ નાણાની ઉપલબ્ધિ) દ્વારા વ્યાજના દર મેનેજ કરવા ધારે છે. સદ્ભાગ્યે ફીસ્કલ ૨૫મા સાત ટકાના વિકાસ દરની અપેક્ષા છે એટલે સતત ચોથા વરસે આપણા વિકાસનો દર સાત ટકા કે તેથી થોડો ઉંચો રહેશે.

**લોકસભાની ચૂંટણીઓ પછી આપણા આર્થિક વિકાસના સંયોગો વધુ ઉજળા બનશે**

ઉપલબ્ધ મેકો-ઈકોનોમિક પેરામીટર્સ ખાસ કરીને સેવાઓ માટેનો પીએમઆઇ, રૂપિયાની કિંમતની લાંબા સમયની સારી સ્થિરતા અને આપણું વિદેશી હૂંડિયામણ પણ ભારત વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરવા માટે સજ્જ હોવાનું સૂચવે છે.

વચગાળાના અંદાજપત્રએ પણ મૂડીખર્ચનો વધારો સતત ચોથા વરસે ચાલુ રાખીને આર્થિક વિકાસના દરને પુશ કરવાનો સરકારનો નિર્ધાર દર્શાવ્યો છે. રાજ્યોને તેમને અપાનાર વગર વ્યાજની લોનો દ્વારા મૂડીખર્ચ વધારવા માટે લોનની અમુક રકમ પ્રોત્સાહનરૂપે તેમના પર્ફોર્મન્સ મુજબ મંજૂર કરવાની શરત પણ મૂકી છે. વૈશ્વિક સ્લોડાઉન (પરિસ્થિતિ થોડી સુધર્યા પછી પણ )અને ચીનની વધતી જતી મુશ્કેલીઓના સંદર્ભમાં ભારતની સ્થિતિ વિદેશી મૂડીરોકાણ માટે પણ સાનુકૂળ થતી જાય છે. એકવાર લોકસભાની ચૂંટણીઓના ધાર્યા પરિણામો પછી દેશમા ત્રીજી ટર્મ માટે સ્થિર અને કામ કરતી સરકાર રચાયા પછી ભારતના આર્થિક વિકાસની ગાડીને સડસડાટ દોડવા માટે જાણે ઢાળ મળી ગયો હોય તેવી સ્થિતિ નિર્માણ થશે. ઢગલાબંધ અનિશ્ચિતતાઓથી ભરેલ વિશ્વમાં ભારત માટે કોઇ અણધારી મોટી આફત ઉભી ન થાય એવી આશા રાખીએ હોપ ઈઝ ઈટરનલ.

# 2024માં ભારતીય આઈટી ઉદ્યોગ સીમિત દાયરામાં વૃદ્ધિ કરશે

**ઓફ-બીટ**

ભારતીય આઇટી ઉદ્યોગમાં નાણાકીય વર્ષ 2024માં સીમિત દાયરામાં વૃદ્ધિ કરશે તેવી અપેક્ષા છે. જે 2023ની સરખામણીએ ઓછી વૃદ્ધિ કહી શકાય. બીજી તરફ, શેરબજારમાં આઇટી સેકટર જ એવું છે કે જેને સમગ્ર વર્ષ દરમ્યાન અંડરપર્ફોમ કરતું જોવા મળ્યું છે, જેથી તેમાં બાઉન્સ બેક જોવા મળી શકે છે. હાલમાં ટીસીએસ, ઇન્ફોસીસ તથા વિપ્રો સહિતની આઇટી કંપનીઓમાં થોડોક કરન્ટ આવ્યો છે, પરંતુ તે સસ્ટેઇન થાય છે કે નહીં તેની ઉપર એક સવાલ છે.

હાલમાં વિશ્વના મોટા ભાગના દેશોની આર્થિક સ્થિતિ નરમ જોવા મળી રહી છે અને તેના લીધે આઇટી ક્ષેત્રમાં ખર્ચ ઘટાડવામાં આવી રહ્યો છે, જેની સીધી અસર આઇટી સેકટર ઉપર જોવા મળી રહી છે. જે ધીમે ધીમે સુધારા તરફ જઇ રહી છે. જે એક વર્ષમાં ફરીથી ગ્રોથ સુધારા તરફી રહી શકે છે. જ્યારે 2025ની વાત કરીએ તો ભારતમાં આઇટી ઉદ્યોગનું ભવિષ્ય વધુ ઉજળું બની રહ્યું છે. બીજી તરફ, ભારત સરકાર આઇટી ઉદ્યોગની આર્થિક વૃદ્ધિ માટે સંભવિતતાને માન્યા આપીને ડિજીટલ પહેલને પ્રોત્સાહન આપી રહી છે. ડિજીટલ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા અને સ્ટાર્ટ અપ ઇન્ડિયા જેવા કાર્યક્રમોનો ઉદ્દેશ ડિજીટલ માળખાગત સુવિધા વધારાવાનો અને આઇટી ઉદ્યોગને વધુ પ્રબળ બનાવવાનું વાતાવરણ ઉભું કરી રહ્યું છે. વૈશ્વિક સ્તરે પણ ભારતની આઇટી કંપનીઓએ કાઠું કાઢ્યું છે અને તે આવનારા વર્ષોમાં વધુ ઉજ્જવળ બની શકે છે. જેથી 2024માં ભારતીય આઇટી કંપનીઓ પુન: વેગ પકડવાની શરૂઆત કરશે અને 2025માં સ્પીડ પકડશે.



ક્રેડિટ રેટિંગ એજન્સી આઇસીઆરએના જણાવ્યા અનુસાર બીએફએસઆઇ, રિટેલ, ટેકનોલોજી અને કોમ્યુનીકેશન જેવા મુખ્ય ક્ષેત્રો વિવેકાધીન આઇટી ખર્ચમાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે. નીચા ઓપરેટિંગ લીવરેજને કારણે નાણાંકીય વર્ષ 2024માં ઓપરેટિંગ પ્રોફિટ માર્જિનમાં 70થી 100 બીપીએસનો ઘટાડો થવાની ધારણા છે.

નીચા ઓપરેટિંગ લીવરેજને કારણે નાણાંકીય વર્ષ 2024માં સેમ્પલ સેટ માટે ઓપરેટિંગ પ્રોફિટ માર્જિનમાં 70થી 100 બીપીએસનો ઘટાડો થવાની ધારણા છે. તેમ છતાં, તે નાણાંકીય વર્ષ 2024માં 20થી 21 ટકાના માર્જિન સાથે તંદુરસ્ત રહેશે, કારણ કે મોટા ભાગની કંપનીઓની ખર્ચનું સંચાલન કરવા માટે ઓનશોર-ઓફશોર મિક્સ, કર્મચારીના ઉપયોગના સ્તર, કર્મચારી પિરામિડ ઓપ્ટીમાઇઝેશન જેવા બહુવિધ લિવર્સ સાથે કામ કરવાની ક્ષમતા છે.

સેગમેન્ટ વાઇઝ ગ્રોથ ટ્રેન્ડના સંદર્ભમાં રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, બીએફએસઆઇ અને કોમ્યુનીકેશનમાં અન્ય સેગમેન્ટની સરખામણીએ વધુ ઘટાડો થયો છે. હાલમાં ચાલી રહેલા મેક્રોઇકોનોમિક હેડવિન્ડસ વચ્ચે મોર્ટગેજ ઇન્વેસ્ટમેન્ટ બેન્કીંગ, કેપિટલ માર્કેટસ અને ઇન્સ્યોરેન્સ સેગમેન્ટમાં નરમાઇના કારણે બીએફએસઆઇને અસર થઇ છે.

ટેલીકોમ કંપનીઓની નબળી પડતી આવકની પ્રોફાઇલને કારણે કોમ્યુનિકેશન વર્ટિકલ પર અસર પડી છે કારણ કે 5જીમાં ગ્રાહકો દ્વારા કરવામાં આવેલા રોકાણો અર્થપુર્ણ રીતે સાકાર થયા નથી. જે તેના તકનીકી ખર્ચના પુન:પ્રાધાન તરફ દોરી જાય છે.

> **ક્રેડિટ રેટિંગ એજન્સી આઇસીઆરએના જણાવ્યા અનુસાર બીએફએસઆઇ, રિટેલ, ટેકનોલોજી અને કોમ્યુનીકેશન જેવા મુખ્ય ક્ષેત્રો વિવેકાધીન આઇટી ખર્ચમાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે**

આ ઉપરાંત, અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, વૃદ્ધિની ગતિમાં મંદીને ધ્યાનમાં રાખીને છેલ્લા ત્રિમાસિક ગાળામાં આઇટી સર્વિસીસ કંપનીઓ દ્વારા હાયરીંગમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે, જેની સાથે નાણાકીય વર્ષ 2022માં અને નાણાકીય વર્ષ 2023ના પ્રથમ છ માસિક ગાળામાં ઉમેરવામાં આવેલી નોંધપાત્ર વધારાની ક્ષમતાનો ઉપયોગ છે.

આવનારા વર્ષોમાં આઇટી ઉદ્યોગમાં નવા ક્ષેત્રો ખુલે તેવી ઓછી સંભાવનાના લીધે ઓછી હાયરીંગની અપેક્ષા રાખવામાં આવે છે અને 12થી 15 ટકાની લાંબા ગાળાની સરેરાશ સ્થિર થતાં પહેલાં આગામી કેટલાક ત્રિમાસિક ગાળામાં ઘર્ષણમાં વધુ ઘટાડો થવાનો અદાજ છે. જોકે, ભારતીય આઇટી સેવા ઉદ્યોગ ઉચ્ચ સ્તરના ઓપરેટિંગ કેશ ફ્લો અને સાધારણ કેપેક્સ અને કાર્યકારી મુડીની જરૂરિયાતોને કારણે મજબૂત લિકવિડિટી સાથે નેટ કેશ સરપ્લસ પોઝિશન ધરાવે છે, જે સારૂં પાસું કહી શકાય.